## શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત,

## શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા

## ૨૮ મો વાર્ષિકોત્સવ –૨૦૨૩–૨૦૨૪

## તા.૯/૦૩/૨૦૨૪

### કાર્યક્રમ સૂચિ

- ❖ પ્રાર્થના
- ❖ યુનિવર્સિટી ગીત : અમે ઉત્તર ગુર્જર વાસી
- ❖ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય :
- ❖ મહેમાનોનું પુસ્તક / મોમેન્ટો તથા સાલથી સ્વાગત
- ❖ વાર્ષિક અહેવાલ વાંચન
- ❖ 'અરવલ્લીનો ટહુકો' – વાર્ષિક સામયિક વિમોચન
- ❖ અધ્યાપક સન્માન
- ❖ મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન
- ❖ અધ્યક્ષીય પ્રવચન
- ❖ ઈનામ વિતરણ
- ❖ આભાર દર્શન
- ❖ રાષ્ટ્રગીત

# શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા

## ૨૮ મો વાર્ષિકોત્સવ – ૨૦૨૩–૨૦૨૪

સંકલન અને પ્રસ્તુત કર્તા : ડૉ. શૈલેશ જોષી

શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજના ૨૮ મા વાર્ષિકોત્સમાં આપ સૌનું હું સ્વાગત કરુ છું. જેમ મોર તેના પીછાથી શોભે છે તેમ આ કોલેજ તેની પ્રવૃત્તિઓથી શોભે છે. અહી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના લેખા – જોખા પર એક નજર કરીએ. દરેક ક્ષેત્રોમાં તેની અસર રહી છે. શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા ગઢવાડા વિસ્તારમાં ઉચ્ચશિક્ષણ લેતા વિદ્યાર્થી ભાઈ – બહેનો માટે શિક્ષણનું વિદ્યાધામ બની રહી છે. ૧૯૯૬ માં ૬૫ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ આ સંસ્થામાં ચાલુ વર્ષે **૨૯૫૯** વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ મેળવવાની સાથે પોતાનો સર્વાંગી વિકાસ કરી રહયા છે. કોલેજના સ્થાપના વર્ષથી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત આ ચાર ભાષાઓ સહિત સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તેમજ અંગ્રેજી સિવાય ગૌણ વિષયો શીખવવામાં આવે છે. આ પાંચેય વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત છે.

ડીસેમ્બર ૨૦૨૧ માં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલના III$^{rd}$ Cycle રી એક્રીડીટેશન મૂલ્યાંકન બાદ આ કોલેજને ગુણવતાના ધોરણે **'એ' ગ્રેડ (૩.૧૮ CGPA)** પ્રાપ્ત થયેલ છે. વિશેષમાં આ કોલેજને **કોલેજ વીથ પોટેન્શિયલ ફોર એક્સલન્સ** એવોર્ડ થી પણ યુ.જી.સી. ધ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે. GSIRF મૂલ્યાંકન આપણી કોલેજને 3 CGPA સાથે 4 STAR પ્રાપ્ત થયેલ છે.

ચાલુ વર્ષે બી.એ. સેમેસ્ટર – ૧ માં **૯૬૫** વિદ્યાર્થીઓ, સેમેસ્ટર ૩ માં **૭૫૮** વિદ્યાર્થીઓ તેમજ બી.એ.સેમેસ્ટર ૫ માં **૬૫૫** વિદ્યાર્થીઓ એમ કુલ સ્નાતક કક્ષાએ **૨૩૭૮** વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. અનુસ્નાતક અભ્યાસ કેન્દ્રમાં કુલ **૫૮૧** વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે.

વર્ષ ૨૦૨૨–૨૩ ના પરિણામો ઉપર નજર નાખીએ તો બી.એ.સેમ.૨ માં શર્મા પૂ વિજયભાઇ પ્રથમ નંબરે તથા પ્રજાપતિ પરેશકુમાર મગનભાઇ દ્વિતિય નંબરે તથા પરમાર નિમાબેન

સવાભાઇ તૃતીય નંબરે રહયા હતા. બી.એ.સેમ.૪ માં સુથાર પૂજાબેન ગોવિંદભાઇ પ્રથમ રહયા હતા તથા તરાલ રિન્કુબેન સંગ્રામભાઇ દ્રિતિય રહયા હતા તથા પટેલ પુજાબહેન ભરતભાઇ તૃતીય નંબરે રહયા હતા. બી.એ.સેમ.૬ માં નાયી પ્રિયાબેન મનુભાઇ પ્રથમ નંબરે રહયા હતા તથા રબારી નિકુલકુમાર પ્રભાતભાઇ દ્વિતિય નંબરે રહયા હતા તથા વાઘેલા અભિષેક રઘનાથભાઇ તૃતીય નંબરે રહયા હતા.

કૉલેજમાં ચાલતા પાંચ વિષયો પૈકી જે તે વિષયમાં પ્રથમ આવનાર દરેકને ગોલ્ડ મેડલ અને સમગ્ર કૉલેજમાં પ્રથમ આવનારને એમ કુલ મળીને છ ગોલ્ડ મેડલ આપવામાં આવે છે તેના માટે પ્રતિ ગોલ્ડમેડલ દીઠ દાતાઓ તરફથી રૂપિયા એકાવન હજારનું દાન પ્રાપ્ત થયેલ છે. ગરીબ રાહત વિદ્યાર્થી ફંડ જે ચાલે છે તેમાં રૂપિયા એક લાખની ડીપોઝીટ દાન પેટે જમા થયેલ છે.

બી.એ.સેમ.૬ માં દરેક વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક આપી સન્માનીત કરવામાં આવે છે. સંસ્કૃત વિષયમાં ચૌહાણ લક્ષ્મીબા દશરથસિંહ **શક્તિ જવેલર્સ સુવર્ણ ચંદ્રક** મેળવે છે , અંગ્રેજી વિષયમાં પ્રજાપતિ નિધિબહેન હિતેન્દ્રભાઇ **ભાવના હોસ્પિટલ સુવર્ણ ચંદ્રક** મેળવે છે. ગુજરાતી વિષયમાં પરમાર નાગેન્દ્રસિંહ રણજીતસિંહ **સ્વ.હરિચંદ્રસિંહ દેવિસિંહ પરમાર** સુવર્ણ ચંદ્રક મેળવે છે. હિન્દી વિષયમાં વાઘેલા આશાબા ભરતસિંહ **સ્વ.કોદરબેન જોઈતાભાઈ પટેલ સુવર્ણ ચંદ્રક** મેળવે છે. સમાજશાસ્ત્ર વિષયમાં નાયી પ્રિયાબેન મનુભાઇ**પટેલ ધુળાભાઈ ભીખાભાઈ પરોણીયા સુવર્ણ ચંદ્રક** મેળવે છે. અને સમગ્ર કોલેજમાં પ્રથમ નંબર મેળવનાર નાયી પ્રિયાબેન મનુભાઇને **સમર્થ ડાયમંડ સુવર્ણ ચંદ્રક** આપી સન્માનીત કરવામાં આવે છે.

એમ.એ.સેમ.૨ માં ચૌધરી જયમીનકુમાર દલસંગભાઇ પ્રથમ નંબરે રહયા હતા તથા ભંગી કિંજલબેન દિનેશભાઇ દ્વિતિય નંબરે રહયા હતા તથા દરજી કૃપા રમેશકુમાર તૃતીય નંબરે રહયા હતા. એમ.એ.સેમ.૪ માં પ્રજાપતિ હિરલબેન જોઇતાભાઇ પ્રથમ નંબરે રહયા હતા તથા પટેલ હિરલબેન વસંતભાઇદ્રિતિય નંબરે રહયા હતા તથા સુથાર જીનલ આનંદકુમારતૃતીય નંબરે રહયા હતા.

**રાષ્ટ્રીય સેવા યોજના :–**

એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસર તરીકે ડૉ.શૈલેશ જોષી અને ડૉ.માલાબેન ડી.ગામીતે ૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષથી જવાબદારી સંભાળી છે. અમારી કોલેજમાં એન.એસ.એસ. ના બે યુનિટ એટલે કે કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ એન.એસ.એસ.માં જોડાયેલા છે. કોલેજમાં નિયમિત પ્રવૃતિઓ આ પ્રમાણે યોજાઈ. વર્ષ દરમ્યાન સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સફાઇ અભિયાન યોજાયા.

૨૦૨3–૨૦૨૪ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ ઉપર નજર નાખીએ તો......

- વર્ષ દરમ્યાન સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સફાઇ અભિયાન યોજાયા
- તા. 3-1-2024 થી 9-1-2024 દરમિયાન ધરોઇ મુકામે મુકામે ખાસ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ.
- મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વિધ્યાર્થીઓ નારગઢ અને થાણા મુકામે ગયા
- આઝાદીકા અમૃત મહોત્સવ – ચિત્રસ્પર્ધામા પઠાણ ફાઇઝખાન પ્રથમ નમ્બર લાવી રાજ્ય કક્ષાએ ભાગ લીધો
- પ્રિ. એન.એસ.એસ. ડેની સ્પર્ધામા યુનિ. કક્ષાએ ત્રણ વિધ્યાર્થીઓએ શીઘ્રકાવ્ય, નિબંધસ્પર્ધા, રંગોલી સ્પર્ધામા ભાગ લીધો ચૌહાણ ગજેંદ્રસિંહ બાબુસિંહ પ્રથમ નમ્બર લાવી રાજ્યકક્ષાના એન.એસ.એસ ડેમા શીઘ્રકાવ્યમા ભાગ લેવા ગયા.
- યુનિ કક્ષાની વિવિધ કોલેજોમા યોજાયેલ શિબિરોમા વિધ્યાર્થીઓએ ભાગ લીધો.
- 52 વિધ્યાર્થીઓ માઇનોર થેલેસેમિયા માટે માર્ગદર્શન આપ્યુ.
- ગુજરાત સાંસ્કુતિક વક્તૂત્વ સ્પર્ધામા સ્પર્ધામા પ્રજાપતિ સેજલ રવાભાઇ યુનિ કક્ષાએ ભાગ લેવા ગયા.
- ૪-૧૦-૨૩ ના રોજ થેલેસેમિયા ટેસ્ટનુ આયોજન થયુ જેમાં કુલ ૮૭૦ વિધાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા.
- તા.૧૦-૭-૨૩ ના રોજ ભાલુસણા મુકામેવૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવાયો. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

❖ તા 7 8 ફેબ્રુઆરી 2024 દરમ્યાન પ્રિન્સીપાલશ્રીઓ અને પોગ્રામ ઓફીસરોની વાર્ષિક સંગોષ્ઠી કોલેજના યજમાનપદે અમ્બાજી મુકામે યોજાઇ

### ❖ એન.સી.સી. વિભાગ :–

આઠ વર્ષથી કોલેજમાં એન.સી.સી. કાર્યરત છે. એન.સી.સી. ઓફિસર તરીકે ગુજરાતી વિભાગના ડાૅ.યોગેશચંદ્ર પટેલ જવાબદારી નિભાવી રહયા છે. એન.સી.સી. અંતર્ગત કોલેજના ૫૫ વિદ્યાર્થીઓ જોડાયેલ છે. છેલ્લા ચાર વર્ષ દરમિયાન આર્મી તથા પોલીસમાં ૩૪ જેવા વિદ્યાર્થીઓએ નોકરી મેળવેલ છે. ચાલુ વર્ષે થલ સૈનિક કેમ્પમાં અમદાવાદ, થામણા , દિલ્હી, આંધ્રપ્રદેશ વિગેરે સ્થળોના કેમ્પમા કેડેટે ભાગ લીધો હતો.

### સાંસ્કૃતિક વિભાગ :–

સાંસ્કૃતિક વિભાગમાં કો–ઓર્ડીનેટર તરીકે ડો. દિપિકાબેન કે. રોહીત છે. તેમની ટીમમાં ડાૅ.માલાબેન ડી. ગામીત, ડો કલ્પનાબેન ચૌધરીલ ડો. યોગેશ પટેલ, ડૉ.શૈલેષ જોષી જવાબદારી નિભાવી રહયા છે. ચાલુ વર્ષ ૩૩ મા યુવક મહોત્સવમાં વેસ્ટ ઝોનમા જવા માટે આ કોલેજ માથી ચૌહાણ શ્રુષ્ટીબાની નાગપુર ખાતે પસંદગી થઇ હતી તથ વર્ષ દરમ્યાન મહેદી સ્પર્ધા, આરતી ડેકોરેશન, વેસ્ટ માથી બેસ્ટ, વાનગી સ્પર્ધા વગેરે જેવી સ્પર્ધાઓ યોજાયી હતી

### સપ્તધારા વિભાગ :–

સપ્તધારાના કો–ઓર્ડિનેટર તરીકે ડાૅ.રાકેશ જોષી ખૂબ જ ઉત્સાહ પૂર્વક કાર્ય કરી રહયા છે. સપ્તધારાની વિભિન્ન ધારાઓ જેવી કે જ્ઞાનધારા, કલા કૌશલ્ય ધારા, સામુદાયિક સેવા ધારા, વ્યાયામ ખેલકૂદ ધારા વગેરે ધારાઓમાં વિદ્યાર્થીઓને માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડી રહયા છે. આ વર્ષે જુદી જુદી ધારાઓ અંતર્ગત સામાન્ય જ્ઞાન કસોટી, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, અને સામુદાયિક સેવાની પ્રવૃતિઓ કરવામાં આવી. ગાંધીજયંતી અંતર્ગત કવીઝ, સ્વામી વિવેકાનંદ કવીઝ આયોજન કરવામાં આવેલ છે. સપ્તધારા ઘ્વારા વિવિઘ ડે અંતર્ગત તથા આઝાદી કા અમૃતમહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોગદિનની ઉજવણી કરવામાં આવી છે.

### શારીરિક શિક્ષણ વિભાગ :–

શારીરિક શિક્ષણ વિભાગમાં પ્રા.ધર્મેન્દ્રભાઈ પટેલ ૨૫ વર્ષથી કાર્યરત છે. ચાલુ વર્ષે કોલેજમા બોલ બેટમિંટન ભાઇઓ અને બહેનો એમ બે ટીમોનુ યુનિ સ્પર્ધાનુ સફળ આયોજન કરેલ

ચાલુ વર્ષ યુનિવર્સિટી સ્પર્ધામાં બેડમિન્ટન ભાઇઓ બહેનો, ક્રોસકન્ટ્રી, ચેસ, જુડો, વેઇટલીફ્ટીગ, કબડ્ડી, બોલબેડમિન્ટન જેવી રમતોમા યુનિમા ચેસમા દેવડા વિધિકુમારી વિરેન્દ્રસિંહ બ્રોન્ઝ મેડલ મેળવેલ તથા ઇન્ટર યુનિ સ્પર્ધામા ભાગ લીધો હતો. તેમણે ખેલમહાકુમ્ભમા જીલ્લા કક્ષાએ પ્રથમ નમ્બર પ્રાપ્ત કરેલ. બોલબેટમિન્ટનમા ભાઇઓ અને બહેનોમા એક-એક ખેલાડી ઇન્ટર યુનિ સ્પર્ધામા સિલેક્શન થયેલ. જુડો સ્પર્ધામા યુનિમા ગોસ્વામી શ્રેયાશીબેને ગોલ્ડ મેડલ મેળવેલ તથા ઇન્ટર યુનિમા પસંદગી પામ્યા કોલેજ કક્ષાએ કબડ્ડી, બેડમિન્ટન, બોલબેડ મિન્ટનની સ્પર્ધાઓ યોજેલ જેમાથી મોટી સંખ્યામા વિધ્યાર્થીઓએ ભાગ લીધો

**ગ્રંથાલય વિભાગ :–**

આધુનિક સુવિધાઓની સજજ ગ્રંથાલયની નવીન મકાનમાં વિવિધ સેવાઓ પુરી પાડતા ગ્રંથાલય વિભાગમાં ર્ડા. ભગવાનભાઈ કે. ચૌધરી સેવાઓ આપી રહયા છે. તેઓશ્રી ૧૯૯૬ થી હેમ.ઉ.ગુ.યુનિ.માં ગ્રંથાલય મા સેવા આપી રહ્યા છે અને માહિતી વિજ્ઞાન વિભાગમાં બી.એલ.આઈ.એસસી. અને એમ.એલ.આઈ. એસસી. તથા 2014 થી 2018 સુધી એમ.ફીલના વ્યાખ્યાતા તરીકે સેવા આપી છે. વિશેષમાં તેઓ કોલેજની વિવિધ સમિતિઓમાં સક્રીય રીતે કાર્યરત છે. તેમજ બે સંશોધન લેખો પ્રકાશિત કરેલ છે. તેમની કુશળતાથી ગ્રંથાલયમાં સંપૂર્ણ અદ્યતન સોલ ૩.૦ પ્રોગ્રામ અંતર્ગત આધુનિકીકરણ થઈ શકયું છે. તેઓશ્રી પીએચ.ડી. ના માર્ગદર્શક તરીકે સેવા આપી રહયા છે. તેમના માર્ગદર્શન હેઠળ છ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. પૂર્ણ કરેલ છે અને ત્રણ વિદ્યાર્થીઓનું પીએચ.ડી. ચાલુ છે. ૦૯ વિદ્યાર્થીઓએ એમ.ફિલ. પૂર્ણ કરેલ છે. તેમજ કોલેજ સિવાયના અન્ય વ્યકિતઓને પણ ગ્રંથાલયના સભ્યો બનાવવામાં આવ્યા છે. ગ્રંથાલયમાં કુલ **૩૪૭૪૨** પુસ્તકો છે. તેમજ **૫૨** સામાયિકો નિરંતર આવે છે. ચાલુ વર્ષે ૪૦૦૫ વાચકો તેમજ પુસ્તક ઈસ્યુની સંખ્યા ૨૩૬૫ રહેલ છે. ઉપરાંત ગ્રંથાલયમાં બારકોડ સિસ્ટમથી પુસ્તક ઈસ્યુ, રીટર્નનું કાર્ય કરવામાં આવે છે. ગ્રંથાલયમાં રીડીગ માટેની સુવિધા તેમજ વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં બી.એ. સેમ.૧ થી અનુસ્નાતક સુધી તમામ આંતરીક અને યુનિવર્સિટી પરીક્ષાના પેપર ફાઈલ સ્વરૂપે તેમજ સ્કેન કરી રાખવામાં આવે છે જેમાં વર્ષ દરમ્યાન પેપર સેટનો ઉપયોગ કરનાર વાચકોની સંખ્યા ૪૮ છે. ઓપેક સિસ્ટમ ધ્વારા સમગ્ર પુસ્તકોની માહિતી સરળતાથી ઉપલ્બધ થઈ શકે છે. એન.લીસ્ટ પ્રોગ્રામ અંતર્ગત ઈ–જર્નલસ સુવિધા ઉપલબ્ધ છે.

❖ તા-1 અને 2 સપ્ટેમ્બર 2023 ના રોજ એસોસિએશન ઓફ ઇંડીયન કોલેજ પ્રિંસિપાલનુ અધિવેશન – ઇન્ડીયન નોલેજ સિસ્ટમ વિષય પર આબુરોડ ખાતે ઉજવાયુ હતુ

**અંગ્રેજી વિભાગ :–**

અંગ્રેજી વિભાગમાં ડૉ.રાકેશ જોષી અધ્યક્ષ તરીકે કાર્યરત છે. IQAC, ફીનીશીંગ સ્કૂલ અને સ્પતધારા, સ્પોકન ઈગ્લીસના કો.ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સંભાળી રહયા છે. ચાલુ વર્ષે NET ની પરીક્ષા સફળતા પૂવર્ક પાસ કરેલ છે. ચાલુ વર્ષે ૨ ઈન્ટરનેશનલ, ૧ નેશનલ તેમજ ૪૫ કલાકની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંતર્ગત પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ભારતનું બંધારણ, પંચાયતી રાજ, સાંસ્કૃતિક વારસો, ગુજરાતની અસ્મિતા જેવા વિવિધ વિષય ઉપર માર્ગદર્શન તેમજ યુનિવર્સિટી કક્ષાની વિવિધ શિબિરોમાં તજજ્ઞ રહયા છે.

ડૉ.દિપકભાઈ દેસાઈ ચાલુ વર્ષે SCOPE અને ફીડબેક કમિટિ કમિટિઓમાં સુપેરે પોતાની ફરજ બજાવી રહયા છે.

ડૉ.ભરતભાઈ પટેલ અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવાઓ આપી રહયા છે. તેઓશ્રીએ NIRF, BISAG ના કો-ઓર્ડીનેટરની જવાબદારી સંભાળી રહયા છે. રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સેમિનારમા ભાગ લીધેલ છે.

ચાલુ વર્ષે અંગ્રેજી વિષયમા પ્રા જયવીરસિંહ રાજપૂતની અધ્યાપક સહાયક તરીકે નિમણૂક કરવામા આવી છે.

**સમાજશાસ્ત્ર વિભાગ :–**

ચાલુ વર્ષે સમાજશાસ્ત્ર વિભાગમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવેલ છે. તેમજ વિદ્યાથીઓ પાસે જુદા જુદા સમાજશાસ્ત્રીઓ વિશેની માહિતી આપતા ચાર્ટ અને પ્રોજેક્ટ વર્ક તૈયાર કરાવવામાં આવેલ છે. 7,8, જાન્યુઆરી 2024 ના વર્ષે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનુ 29મુ અધિવેશન કોલેજના યજમાનપદે યોજાયુ હતુ

કોલેજના આચાર્યશ્રી ડૉ.જયેશભાઈ બારોટ ના માર્ગદર્શન હેઠળ **૧૯ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.** પૂર્ણ કરેલ છે તેમજ **૩૪ વિદ્યાર્થીઓ એમ.ફીલ.** પૂર્ણ કરેલ છે. વિશેષમાં તેઓ **ઓલ ઈન્ડિયા કોલેજ પ્રિન્સીપાલ એસોસિયેશન કારોબારી સભ્ય ગુજરાત સોશિયોલોજીકલ સોસાયટી કારોબારી સભ્ય, નેક પીઅર ટીમના મેમ્બર, બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન, હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ** સેનેટ સભ્ય,એકેડેમીક કાઉન્સિલ સભ્ય. આ વર્ષે ૧ આંતરરાષ્ટ્રીય અને ૫ રાષ્ટ્રીય, ૩ સ્ટેટ લેવલ ઓનલાઈન વેબિનારમાં ભાગ લીધો હતો. તેમના ત્રણ સંશોધન

પેપર પ્રકાશિત થયા છે.ઉ.ગુ.યુનિ સંલગ્ન કોલેજ પ્રિન્સિપલ એશોસિએશનના પ્રમુખ તરીકે વરણી કરવામા આવેલ છે.

સમાજશાસ્ત્રના અધ્યાપક ડો.વી.કે.પગી સમાજશાસ્ત્ર વિષયમાં અધ્યક્ષ તરીકે કાર્યરત છે. તેમણે ચાલુ વર્ષે પીએચડી. ની પદવી પ્રાપ્ત કરેલ છે. જેઓએ ૧ ઇન્ટરનેશનલ ૨ નેશનલ સેમિનારમાં ભાગ લીધેલ છે.

સમાજશાસ્ત્રના અધ્યાપિકા પ્રા.કલ્પનાબેન બી. ચૌધરી કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી રહયા છે. સાથે વિવિધ કમીટીઓમાં અને સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી રહયા છે. ચાલુ વર્ષે ચાર નેશનલ સેમિનાર અને ૨ ઇન્ટરનેશનલ તથા 1 શોર્ટટર્મ કોર્ષ કરેલ છે. તેમણે આણંદ મુકામે ત્રણ દિવસના જેન્ડર બજેટ વર્કશોપમાં ભાગ લીધેલ છે.

ર્ડા.માલાબેન ગામીત આ વિભાગમાં કાર્યરત છે. તેઓ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર તરીકે પણ સેવા બજાવી રહયા હતા ચાલુ વર્ષે ૧ ઈન્ટરનેશનલ અને ૨ નેશનલ સેમિનારમાં ભાગ લીધેલ છે

સમાજશાસ્ત્ર વિભાગમાં ર્ડા.દિપીકાબેન રોહિત અધ્યપિકા તરીકે કાર્યરત છે. જેઓએ ૨ ઈન્ટરનેશલ, ૩ નેશનલ કરેલ ચાલુ વર્ષે ચાર વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન હેઠળ સંશોધનકાર્ય કરી રહયા છે. તેઓ કોલેજની સાંસ્કૃતિક કમિટિમાં કો.ઓર્ડીનેરટની રહયા છે. ચાલુ વર્ષમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સેમ. ૧ થી ૬ અને એમ.એ.૧ થી ૪ સુધીના વિદ્યાર્થીઓ પાસે પ્રોજેકટવર્ક, બુક રિવ્યુ અને એસાઈમેન્ટ તૈયાર કરાવેલ છે.એન.એસ.એસ.મા તેમની પોગ્રામ ઓફીસર તરીકે નિમણૂક થયેલ છે 23/2/2024ના રોજ જાફરી નોલેજસીટી શેખપુર કોલેજમા ગેસ્ટ લેક્ચર આપેલ છે.

ચાલુ વર્ષમા સમાજશાસ્ત્ર વિભાગમા ડો હરેશભાઇ ચૌધરીની અધ્યાપક સહાયક તરીકે નિમણૂક કરવામા આવી છે

**હિન્દી વિભાગ :–**

હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે ર્ડા.કે.એસ.જાદવ કાર્યરત છે. હેમ.ઉ.ગુ.યુનિ.માં પીએચ.ડી.ના ગાઈડ તરીકે સેવા આપી રહયા છે. ચાલુ વર્ષે પીએચ.ડી. માં છ વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે માર્ગદર્શન મેળવી રહયા છે. 2 વિધ્યાર્થીઓ Ph.D થયા. નેશનલ સેમિનારમા ભાગ લીધેલ છે.

હિન્દી વિભાગના અધ્યાપક ડૉ.વિનોદચંદ્ર જી. ચૌધરીએ વર્ષ દરમ્યાન ૪ નેશનલ સેમિનાર કરેલા છે. આ વર્ષે તેમણે ખેરાલુ કોલેજમા યોજાયેલ નેશનલ સેમિનારમા તજજ્ઞ વ્યાખ્યાન આપ્યુ હતુ. સમયાંતરે વર્ષ દરમ્યાન તેમના સંશોધન લેખો પ્રગટ થતા રહે છે. તેઓ પીએચ.ડી.ના ગાઈડ તરીકે સેવા આપી રહયા છે હાલ તેમના હાથ નીચે ૦૬ વિદ્યાર્થીઓ સંશોધન કાર્ય કરી રહયા છે.

**સંસ્કૃત વિભાગ :–**

સંસ્કૃત વિભાગ ધ્વારા ગીતાજયંતી અને ગુરૂ પૂર્ણિમા, સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત ભારતી ધ્વારા સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કર્યુ હતું અને વિદ્યાર્થીઓને સફળ માર્ગદર્શન આપ્યું હતું ઉપરાત સંસ્કુત દિવસની ઉજવણી કરવામા આવી હતી

સંસ્કૃત વિભાગમાં ડૉ.મંજુલાબેન એ. પટેલ વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ચાલુ વર્ષે તેમણે વડનગર કોલેજમાં ઈન્ટરનેશનલ સેમિનાર, પ્રાતિજ કોલેજમાં નેશનલ સેમિનારમાં ઉપસ્થિત રહી પેપર પ્રેઝન્ટ કરેલ છે. તેઓ મહિલાસેલ, સુઈગ અને કટીગ કમિટિના કો.ઓર્ડીનેટર તરીકે કાર્યરત છે. મહિલા સેલ અંતર્ગત કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે આ વર્ષે અખિલ ગુજરાત શકિતમંચ અમદાવાદ ધ્વારા બ્યુટીપાર્લર અને ચોકલેટ મેકિંગ વર્કશોપ તેમજ સિવણનો કોર્ષ કરેલ છે. તેમજ કોલેજની અન્ય કમીટીઓમાં પણ તેઓ કાર્યરત છે.

સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ.ભગવાનભાઈ પ્રજાપતિએ ચાલુ વર્ષે ૨ રાષ્ટ્રિય સેમિનાર તથા બે ઈન્ટરનેશનલ સેમિનાર કરેલ છે. તેઓ પીએચ.ડી. ના ગાઈડ પણ છે તથા તેમના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી રહયા છે. તેમાંથી બે વિદ્યાર્થી પીએચ.ડી. પૂર્ણ કરી ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ કોલેજના વિકલી ટેસ્ટના કો.ઓર્ડીનેટર તરીકે તેમજ અન્ય કમિટિઓમાં કાર્યરત છે.

સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ.રમેશભાઈ એસ. પ્રજાપતિ સોમનાથ સંસ્કૃત યુનિ. દ્વારા આયોજિત રાષ્ટ્રિય સેમિનારમાં ઉપસ્થિત રહેલ છે. બે ઈન્ટરનેશનલ સેમિનાર કરેલ છે. વધુમાં તેઓ ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદના કો–ઓર્ડીનટર તરીકે કાર્યરત છે. તેમજ કોલેજની અન્ય કમીટીઓમાં કાર્યરત છે. તેમના માર્ગદર્શન હેઠળ ૦૪ વિદ્યાર્થીઓ સંશોધન કાર્ય કરી રહયા છે.

ડૉ.શૈલેષ જોષીએ ચાલુ વર્ષે ૧ ઈન્ટર નેશનલ અને ૨ નેશનલ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા તથા તેમને ૧ શોર્ટટર્મ કોર્ષ કર્યો હતો. તેઓ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરીકેની ફરજ નિભાવી રહયા છે. ઉન્નત ભારત અભિયાનના કો.ઓર્ડીનેટરની જવાબદારી નિભાવી રહયા છે.

ચાલુ વર્ષમા પરમાર કરમાભાઇ લલ્લુભાઇની અધ્યાપક સહ્રાયક તરીકે નિમણૂક કરવામા આવી.

**ગુજરાતી વિભાગ :–**

ગુજરાતી વિભાગમા ચાલુ વર્ષે21 મી જુલાઇ 2023 ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી ગાધીનગર અને કોલેજે મળીને ઉમાશંકર જોશી જ્યંતિ ઉજવી

ગુજરાતી વિભાગમાં પ્રો.વિરેન્દ્રસિંહ પરમાર ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીક કામગીરી સંભાળી રહયા છે. ઉપરાંત કોલેજની વિવિધ સમિતીઓમાં સભ્ય તરીકે સેવા આપી રહયા છે.

પ્રો.દિલીપસિંહ પરમાર પણ ગુજરાતી વિભાગના અધ્યાપક છે. તેઓ ૧ ઈન્ટરનેશનલ સેમિનાર કરેલ છે. અને કોલેજની વિવિધ કમીટીઓમાં કાર્યરત છે.

ગુજરાતી વિભાગમાં અધ્યાપક તરીકે ડાં.યોગેશ પટેલે ચાલુ વર્ષે તેમણે ૨ રાષ્ટ્રીય સેમિનાર અને એક ઈન્ટરનેશનલ સેમિનાર કરેલ છે. એન.સી.સી. ના ઓફિસર તરીકે પણ સેવા આપી રહયા છે. તેમને હેમ.ઉ.ગુ.યુનિ.પાટણના પીએચ.ડી. ગાઈડશીપ પણ મળેલ છે. તેમને ૨ સેમિનાર અને ૧ ઈન્ટરનેશનલ સેમિનારમાં ભાગ લીધેલ છે.

ગુજરાતી વિભાગમાં ડાં.મનિષભાઈ ચૌધરી કાર્યરત છે જેઓએ ૧ FDP પ્રોગ્રામ કરેલ છે. તાજેતરમાં ૨ વિદ્યાર્થી તેમના માર્ગદર્શન હેળ પીએચ.ડી. કાર્ય કરી રહી છે. સ્કોપ કો.ઓર્ડીનેટર તરીકે સેવાઓ આપી રહયા છે.

**બિન શૈક્ષણિક :–**

બિન શૈક્ષણિક સ્ટાફમાં શ્રી પંકજભાઈ મહેતા હેડ કલાર્ક, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી વિરાભાઈ રાવળ તથા વિરજીભાઈ ચૌધરી જુનિયર કલાર્ક તરીકે કાર્યરત છે. કોલેજ કાર્યાલયમાં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમનો ઉપયોગ થઈ રહયો છે. પટાવાળા તરીકે શ્રી પ્રવિણભાઈ પ્રજાપતિ, શ્રી ભાથીસિંહ ચૌહાણ, શ્રી કેતનભાઈ ચૌધરી, શ્રી દિલીપ ઠાકોર, શ્રી મુકેશભાઈ ભુતેડીયા તથા શ્રી કોદરભાઈ તરાલ ચોકીદાર તરીકે સેવાઓ આપી રહયા છે. કોમ્પ્યુટર ઓપરેટર શ્રી જીજ્ઞેશ ગઢવી તથા શ્રી રણજીત રાવતની કામગીરી વર્ષ દરમ્યાન ખૂબજ પ્રંશસનીય રહી છે.

**ઉદીશા પ્લેસમેન્ટ સેલ :–**

ઉદીશા પ્લેસમેન્ટ સેલ અને વાત્સલ્ય એકેડેમી પાલનપુર સંયુકત ઉપક્રમે 45 કલાકનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

કોલેજમા 30 કોમ્પ્યુટર અને અધ્યાપકો માટે 7 લેપટોપ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન પ્રાપ્ત થયુ હતુ

- જે.બી એન્ડ બ્રધર્સ – 1000000
- પ્રજાપતિ મહેશભાઇ (સરગમ બિલ્ડર્સલ સુરત)- 350000
- પટેલ દેવજીભાઇ (કોઠાસણા)- 250000

**અદ્યતન સુવિધાઓ :–**

- નમો વાઈ–ફાઈ
- અદ્યતન કોમ્પ્યુટર લેબ ઈન્ટરેટ સુવિધા સહિત
- કોલેજના દરેક વર્ગખંડો એલ.સી.ડી. પ્રોજેક્ટર સુવિધા યુક્ત
- દરેક અધ્યાપકને લેપટોપની સુવિધા
- ત્રણ વર્ગખંડોમાં ઈન્ટરેકટીવ પેનલ સ્માર્ટબોર્ડની સુવિધા
- વીસ જેટલા ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેકશન
- કમ્પ્યુટરાઈઝ ગ્રંથાલય, વિદ્યાર્થી, અધ્યાપકોને ઈન્ટરનેટ સુવિધા, બારકોડ સિસ્ટમ, મેમ્બર લોગીન
- જનરેટરની સુવિધા
- ગર્લ્સ હોસ્ટેલ
- ઈન્ડોર સ્પોર્ટસ હોલ
- સી.સી. ટીવી કેમેરા
- કેન્ટીન
- સ્વતંત્ર ગ્રંથાલય
- અદ્યતન પાર્કીગ વ્યવસ્થા

**કોલેજના વિશિષ્ટ પાસાઓ ઉપર એક નજર ......**

- સ્ટુન્ડન્ટસપોર્ટ સર્વિસ ઉપર વિશેષ ભાર
- અંધ, અપંગ, અશકત વિદ્યાર્થીઓ માટે પુસ્તક ઈસ્યુમાં પ્રાથમિકતા
- ગરીબવિદ્યાર્થી રાહત ફંડ અંતર્ગત સરકારી શિષ્યવૃતિ ન મળતા વિદ્યાર્થીઓને ખાસ આર્થિક સહાય આપવામાં આવે છે.

- ઓડીયો વીજ્યુઅલ માધ્યમ થકી અધ્યયન અધ્યાપન.
- દર વર્ષે કોલેજમાં નવા પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા પરીક્ષણ
- દરેક વિષયમાં અને સમગ્ર કોલેજમાં પ્રથમ આપનારને ગોલ્ડ મેડલ
- આ વર્ષે બેઝીક કોમ્પ્યુટર કોર્ષ શરુ કરવામા આવેલ છે
- ૩ સ્માર્ટ કલાસરૂમ
- 50 કોમ્પ્યુટર ઇન્ટનેટ સાથેની સજ્જ કોમ્યુટર લેબ
- G3Q ક્વીઝ જ્ઞાન કસોટી અંતર્ગત આ વર્ષે કોલેજના મોટાભાગના વિધ્યાર્થીઓ જોડાયા. અત્યાર સુધી આ ક્વીઝ અંતર્ગત એક લાખ સુધીના ઇનામો પ્રાપ્તકરેલ છે.

**આગામી આયોજન .....**

- રૂસા હેઠળ મળેલ અુનદાનમાંથી રિનોવેશન અને નવીન બાંધકામ
- શિખવા – શિખવવાની પ્રક્રિયામાં ICT નોલ વધુ ઉપયોગ.
- ઓનલાઈન ટીચીગ – લર્નીગને વધુ અસરકારક બનાવવું.
- રમત ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા **ખાસ આર્થિક ભંડોળ** ઉભુ કરવું.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કાયમી ટ્રેનીંગ સેન્ટર ઊભુ કરવું.
- સપ્તધારા અભિયાનને વેગવતું બનાવવા પ્રયત્નશીલ રહેવું.
- સંશોધન પ્રોઝેકટક્ષેત્રે વધુ ધ્યાન કેન્દ્રીત કરવું
- રોજગારલક્ષી ટૂંકાગાળાના અભ્યાસક્રમોને પ્રાધાન્ય આપવું
- પ્લેસમેન્ટ અને રોજગારી લક્ષી આયોજનો કરવા
- ગાંધીજીના વિચારનો પ્રચાર પ્રસાર કરવો
- એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ પ્રવૃત્તિઓ કરવી.
- સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવ્યું
- આગામી સમયમા IITE ગાધીનગરના સહયોગથી કોમ્પ્યુટર કોર્ષ શરુ કરવામા આવશે

# અંતે સૌનો આભાર...